# શ્રી જૈન ધર્મ પ્રકાશ


પુસ્તક ૭૯ મું
અંક ૨
ડીસેમ્બર ૧૯૬૨

માગશર

વીર સં. ૨૪૮૯
વિ. સં. ૨૦૧૯
ઇ. સ. ૧૯૬૨


**चित्तमंतमचित्तं वा, परिगिज्झ किसामवि ।**
**अन्नं वा अणुजाणाइ एवं दुक्खा ण मुच्चइ ॥ ७ ॥**

સજીવ કે નિર્જીવ એવી કોઈ પણ ચીજનો પોતે પરિગ્રહ કરીને એ વિશે જે કોઈ, બીજાને પણ તેમ કરવાની સમ્મતિ આપે તો તે, એ રીતે કદી પણ દુ:ખથી છૂટો થઈ શકતો નથી. સજીવ એટલે મનુષ્ય, પશુ અને પક્ષીઓ વગેરે જીવતાં પ્રાણી. નિર્જીવ એટલે ધન, ધાન્ય, સોનુ, રુપું, વાસણ, વાહન, ખેતર, વાડી, જમીન, પથારી, કપડાં, રાચરચીલું, ઘર મહેલાત વગેરે. આમાંની કોઈ પણ ચીજનો થોડો પણ પરિગ્રહ કરીને અર્થાત્ એ એ કોઈ પણ ચીજ ઉપર પોતાનો માલીકી હક સ્થાપવો અને કોઈ બીજો પણ એ ચીજ ઉપર પોતાનો માલીકી હક સ્થાપે એવી સમ્મતિ આપવી એ બન્ને પ્રકારે દુ:ખથી છૂટા થવાતું નથી એમ ભગવાન મહાવીર કહે છે.

—મહાવીર વાણી


: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૭૯ મું :: વાર્ષિક લવાજમ ૩-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રેમી-જીવનમાં .... .... | ( શાહ બાબુલાલ પાનાચંદ-નડીઆદકર ) | ૧૭ |
| ૨ | શુષ્ક વૃક્ષ .... .... | ( બાલચંદ હીરાચંદ-માલેગામ ) | ૧૮ |
| ૩ | શ્રી વર્ધમાન મહાવીર : લેખાંક-૪૫ .... | ( સ્વ. મૌક્તિક ) | ૧૯ |
| ૪ | સ્થાપના નિક્ષેપની મૌલિકતા .... | ( બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૨૩ |
| ૫ | જિન પ્રતિમાદિની પ્રાચીન પૂજનવિધિ | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. ) | ૨૬ |
| ૬ | સુપાત્રદાન .... .... | ( સં. ડૉ. વલભદાસ નેણસીભાઈ-મોરબી ) | ૨૭ |
| ૭ | જમણપુર .... .... | ( સ્વ. શાંતમૂર્તિ જયંતવિજયજી મ. ) | ૨૮ |


卐

**આવતો અંક:**—હવે પછીનો પોષ-મહાનો સંયુક્ત અંક તા. ૨૫ મી જાન્યુઆરી ૧૯૬૩ પોષ વદ ૮)) ના રોજ બહાર પડશે.


અમૂલ્ય લાભ — આપનું નામ નોંધાવો

# ચોસઠ પ્રકારી પૂજા અર્થ અને કથાઓ સહિત

વર્ષો પહેલાં આ પુસ્તક આપણી સભા તરફથી બહાર પાડવામાં આવ્યું હતું પણ તેની નકલો હાલમાં મળી શકતી નહોતી.

કલકત્તાનિવાસી શેઠ મણિલાલ વનમાળીદાસની આર્થિક સહાય પ્રાપ્ત થવાથી આ પુસ્તક પ્રસિદ્ધ કરવાનું નિર્ણીત કરવામાં આવ્યું છે આ પુસ્તકમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે, જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી સરળતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી કથાઓ પણ સરલ ભાષામાં આપવામાં આવી છે. જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

આ પુસ્તકની નકલો મર્યાદિત જ કાઢવાની હોવાથી અગાઉથી ગ્રાહકના નામો નોંધી લેવાના છે. અગાઉથી ગ્રાહક થવા ઇચ્છનાર બંધુઓએ રૂ. એક મનીઓર્ડરથી મોકલી પોતાનું નામ નોંધાવી લેવું. ગ્રાહક તરીકે નોંધાવનાર બંધુઓને આ પુસ્તક રૂ. અઢીના ભાવથી આપવામાં આવશે પોસ્ટેજ ૫૦ નયા પૈસા અલગ થશે. પચીસ કે તેથી વધારે નકલો જોઇતી હોય તેમણે સભા સાથે પત્રવ્યવહાર કરવો.

લખો:—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# જૈન ધર્મ પ્રકાશ

માગશર | વીર સં. ૨૪૮૯ વિક્રમ સં. ૨૦૧૯


## પ્રેમી–જીવનમાં

(રાગ—નાગરવેલીઓ રોપાવ)

ન ધર્મને સોહાવ, તારા પ્રેમી જીવનમાં;
પ્રભુ વીરના તત્ત્વો,
પ્રભુ વીરના શબ્દો,
રા હૃદયે સોહાવ, તારા પ્રેમી જીવનમાં. જૈન૦
વિગતિ વાયરા વાગે,
તારા ધર્મને પાડે,
ઐક્યતા કરાવ, તારા પ્રેમી જીવનમાં. જૈન૦
બાબુ કહે સુણ ભાઇ!
પ્રભુ વીર લે પીછાણી,
વન આદર્શ બનાવ, તારા પ્રેમી જીવનમાં. જૈન૦

—શાહ બાબુલાલ પાનાચંદ (નડોદકર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શુષ્ક વૃક્ષ

( કવિ—**સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ** )

( ઝાડ પોતાના જન્મથી જ જનસેવા કરે છે. પોતે તાપ સહીને બીજાઓને છાયા અને પાન, ફૂલ અને ફળો પણ આપે છે, એ એની પરોપકારની પ્રશંસા કરી, તેનું અનુકરણ કરવા વિનવે છે )

[ ઉપજાતિ છંદ ]

સુમૃત્તિકામાં જઈ એક બીજ, પર્જન્યયોગે સ્ફુટ થાય તેજ;
દિનેશનું એ લહી દિવ્ય તેજ, વાતાંબુથી અંકુર થાય તેજ. ૧

ફાલેફુલે એમ નિજ સ્વભાવે, અસંખ્ય પર્ણાંકિત તેહ થાવે;
ભલો કહાવે લઘુ વૃક્ષ તેહ, છાયા કરે શીતલ શાંત જેહ. ૨

ખગો મૃગો આશ્રિત થાય કેઇ, નિવાસ ત્યાં શીતલ છાય માંહી;
પાંથસ્થ વિશ્રામ લહે અનેક, ઉત્સાહ ત્યાં ધારણ થાય છેક. ૩

સ્વયં રવીતાપ ઘણો સહીને, આરામ આપે સહુ આશ્રિતોને;
સદા ધરે એ ઉપકાર બુદ્ધિ, સાધે અહો એ નિજ આત્મશુદ્ધિ. ૪

જ્યારે વધી વિસ્તૃત દેહ ધારે, ફળો થકી થાય સમૃદ્ધ ત્યારે;
સમૃદ્ધિનું એ અતિ રમ્ય ધામ; શ્રીમંત શોભા નયનાભિરામ. ૫

રસાળ મીઠાં ફળ ત્યાં વિકાસે, એ વૃક્ષ થાતો અતિ નમ્ર ભાસે;
સમૃદ્ધિમાં નમ્ર થવું જ શોભે, વિનમ્રભાવે જનચિત્ત લોભે. ૬

વિકાસ પામે તરૂ લોકકાજે, ફળો સમર્પી પરને વિરાજે;
સંતો કરીને ઉપકાર હર્ષે, સ્વાર્થાંધતાને કદી એ ન સ્પર્શે. ૭

સદા તરૂએ ઉપકાર કીધા, નિઃસ્વાર્થભાવે નિજ કાર્ય સાધ્યા;
નિષ્પ્રાણ થાતા નિજ કાષ્ટ દીધા, ઘરો વસાવી જન કાર્ય કીધા. ૮

એ વૃત્તિ સંતો સમ વૃક્ષ કેરી, આત્મોન્નતિ સ્હેજ વધારનારી;
શાખી તરે દારૂણ એ ભવાબ્ધિ, પરોપકારે નિજ કાર્ય સાધી. ૯

ભલો ગુરૂ હો મુજ એહ વૃક્ષ, સ્વધર્મ સેવા વ્રતમાંહી દક્ષ;
અર્પૂં પ્રશંસાંજલિ વૃક્ષપાએ, બાલેન્દુનો એ ગુરૂ હો સ્વભાવે. ૧૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૪૫

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

ઉત્સર્પિણીના ચોથા, પાંચમા અને છઠ્ઠા આરામાં યુગલિકો ઉત્પન્ન થાય છે. એનાં આયુષ્ય અનુક્રમે એક પલ્યોપમ, બે પલ્યોપમ અને ત્રણ પલ્યોપમના કાળના હોય છે, એનાં નામો અનુક્રમે **દુષમ સુષમ, સુષમ** અને **સુષમ સુષમ** કહેવાય છે અને તેનો કાળ અનુક્રમે બે ત્રણ અને ચાર કોડાકોડિ સાગરોપમનો હોય છે. આખા ઉત્સર્પિણી કાળનો કુલ સમય છ એ આરાનો મળીને દશ કોડાકોડિ સાગરોપમ કાળ થાય છે. આ ઉત્સર્પિણી કાળમાં ઉત્તરોત્તર આયુષ્ય, રસ, કસ અને શાંતિ વૃદ્ધિ પામતાં જાય છે. કાળચક્રના બીજા અર્ધા ભાગને **અવસર્પિણી** કાળ કહેવામાં આવે છે. એમાં રસ, કસ, આયુષ્ય અને પરિસ્થિતિ ઉત્તરોત્તર મંદ થતાં જાય છે. એના પણ છ આરા હોય છે. એના છ આરાઓનાં નામ અને કાળ ઉત્સર્પિણીના આરાથી ઊલટાં હોય છે અને સરવાળે એનો કુલ કાળ દશ કોડાકોડિ સાગરોપમનો થાય છે. અને બન્ને ઉત્સર્પિણી અને અવસર્પિણીના છ અને છ મળીને કુલ બાર આરાનું એક આખું કાળચક્ર બને છે. જેમ ગાડીનાં પૈડાંમાં ચઢતા ઊતરતા આરા હોય છે તે પ્રમાણે જ કાળચક્રનું આખું ચક્ર (પૈડું) સમજવું.

**અવસર્પિણી**ના છ આરાનાં **નામો** અનુક્રમે સુષમ સુષમ, સુષમ, સુષમ દુષમ, દુષમ સુષમ, દુષમ અને દુષમ દુષમ હોય છે, તેનો કાળ અનુક્રમે ચાર કોટાકોટિ સાગરોપમ, ત્રણ કોટાકોટિ સાગરોપમ, બે કોટાકોટિ સાગરોપમ, બેંતાળીશ હજાર ઊણો એક કોટાકોટિ સાગરોપમ, ૨૧૦૦૦ વર્ષ અને એકવીશ હજાર વર્ષ હોય છે. એના ચોથા દુષમ સુષમ આરામાં ચોવીશ તીર્થંકર આદિ ત્રેશઠ શલાકા પુરૂષો થાય છે. એમાં દિવસાનુદિવસ રસહાનિ થતી જાય છે. પ્રથમના ત્રણ આરામાં યુગલિક પુરૂષો હોય છે. તેમનાં આયુષ્ય અનુક્રમે ત્રણ બે અને એક પલ્યોપમનાં હોય છે. શરીર પ્રમાણ અને સામાન્ય સ્વાસ્થ્ય આ અવસર્પિણી કાળમાં ઉત્તરોત્તર ઘટતું આવે છે.

અવસર્પિણીના પ્રથમ ત્રણ આરામાં શરીર અનુક્રમે ત્રણ, બે અને એક ગાઉનું ઊંચું હોય છે. ઉત્સર્પિણીના છેલ્લા ત્રણ આરામાં એક, બે અને ત્રણ ગાઉનું શરીર હોય છે. યુગલિકો સારા મનવાળાં, અલ્પ કષાયી, રૂપાળા અને સમચતુસ્ર સંસ્થાનવાળા હોય છે. યુગલિકો અવસર્પિણી કાળમાં પ્રથમ આરામાં ત્રણ દિવસે, બીજા આરામાં બે દિવસે અને ત્રીજા આરામાં એક દિવસને આંતરે આહાર કરે છે. એમની ઈચ્છા કલ્પવૃક્ષો પૂરી પાડે છે. એમને વેપાર ધંધાની ઉપાધિ નથી, વેર, કંકાસ, કજીઆ નથી અને બજાર, હાટ, દુકાન કે લેણદેણની ગૂંચવણ નથી.

દરેક કાળચક્રમાં બે ચોવીશી થાય છે. એક ઉત્સર્પિણીના ત્રીજા આરામાં અને એક અવસર્પિણીના ચોથા આરામાં. ત્રેશઠ શલાકા પુરૂષો થાય છે. આવાં અનંતાં કાળચક્રો વહી ગયાં અને અનંતાં થવાનાં છે અને કુવામાંથી પાણી કાઢવાનાં રેંટ (અરઘટ્ટઘટી)ની પેઠે નિરંતર અવસર્પિણી પછી ઉત્સર્પિણી અને ઉત્સર્પિણી પછી અવસર્પિણીકાળ ચાલ્યા કરે છે; કાળચક્રના ચઢતા ઊતરતા આરા ઉપર આવ્યા કરે છે અને પ્રાણી ભવાટવીમાં અથડાતો પછડાતો ભટક્યા કરે છે.

વર્તમાન સમયમાં કાળચક્રમાં અવસર્પિણી કાળનો પાંચમો આરો ચાલે છે, તેનું નામ દુષમ છે, તેનો કાળ ૨૧૦૦૦ વર્ષનો છે, તેના લગભગ ૨૫૦૦ વર્ષ ગયાં છે અને હજુ એવા ઊતરતાં કાળના સાડા અઢાર હજાર વર્ષ જવાના છે. કાળચક્રનું સ્વરૂપ આ પ્રમાણે દ્રવ્યાનુયોગના જૈન ગ્રંથમાં બતાવ્યું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આ અવસર્પિણી ઉત્સર્પિણી કાળ ભરત ઐરવત ક્ષેત્રોમાં પ્રવર્તે છે. મહાવિદેહ ક્ષેત્રમાં તો સર્વ કાળ ભરતના અવસર્પિણીના ચોથા આરા જેવો કાળ પ્રવર્તે છે અને ત્યાં તીર્થંકરો સર્વકાળે લભ્ય થાય છે. આ પ્રમાણે કાળચક્રનું સ્વરૂપ જૈન શાસ્ત્રમાં બતાવવામાં આવ્યું છે.

### ત્રેસઠ શલાકા પુરૂષો

કાળચક્રના ઉત્સર્પિણી કાળના ત્રીજા આરામાં અને અવસર્પિણી કાળના ચોથા આરામાં ત્રેસઠ શલાકા પુરૂષો થાય છે. 'શલાકા'નો અર્થ સળી અને પીંછી થાય છે, શલાકાનો અર્થ બાણ પણ થાય છે. જે પ્રાણીનો મોક્ષ ચોક્કસ થવાનો હોય તેને શલાકા પુરૂષ કહેવામાં આવે છે. કોષમાં તેનો અર્થ જૈનના 'પવિત્ર સાધુ' એમ કરવામાં આવ્યો છે. કાળસિત્તરી પ્રકરણમાં ચોક્કસ મોક્ષ જનાર ૮૩ શલાકા પુરૂષો ગણાવ્યા છે, તેમાં ૨૦નો વધારો ક્યાં કરવામાં આવ્યો છે તે આપણે નીચે જોશું.

મોક્ષગમનનો ચોક્કસ નિર્ણય થયેલ હોય તેવા તો સમકિતવંતા પણ ઘણા જીવો હોય છે, કારણ કે શુદ્ધ દેવ ગુરુ ધર્મને પિછાની સ્વીકારનાર અવશ્ય મોક્ષ જાય છે. એટલે શલાકા પુરૂષમાં સામાપર છાપ પાડનાર મહાઉત્તમ પુરૂષ, જેનો રાજવૈભવ ત્યાગ અને અંતે આત્મસ્વરૂપની પહોંચાણ અસરકારક હોય તેવા છાપ પાડનાર અગ્રપુરૂષ–આવો ભાવ મને બેસે છે, એ વિચારવા યોગ્ય છે. સર્વ શલાકા પુરૂષો પણ તદ્દભવ મોક્ષગામી હોતા નથી અને આગળ ઉપર નિયમા મોક્ષ જનારામાં તો સમકિતી સર્વ જીવોનો સમાવેશ થઈ જાય છે, એટલે શલાકા પુરૂષોમાં તેમનું અંગત વ્યક્તિત્વ, વિશિષ્ટ જીવનવ્યવહાર, દેખાવડી ભવ્યતા અને ઉત્કૃષ્ટ વિશિષ્ટતા તેમની છાપ પાડે છે, અન્ય પર તેનો પ્રભાવ પડે છે અને તે રીતે તેઓ અંજનની સળી જેવા હોય છે એ ભાવમાં મને શલાકા શબ્દનો ઉપયોગ થયો હોય તેમ લાગે છે. આપણામાં પ્રચલિત શ્લોક છે કે—

अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया
नेत्रमुन्मिलित येन तस्मै श्री गुरवे नमः ।

'અજ્ઞાનના અંધકારથી અંધ થયેલા લોકોની આંખોને જે ગુરૂદેવ જ્ઞાનરૂપ આંજણની સળી (શલાકા)થી ઉઘાડી આપે તે ગુરૂ મહારાજને નમસ્કાર કરવામાં આવે છે.' અહીં શલાકાનું કાર્ય આંખ ઊઘડતી કરવાનું બતાવ્યું છે. આંખમાં સૂરમો આંજવા માટે સળીનો ઉપયોગ કરવામાં આવે છે અને શલાકાથી સૂરમો લગાડતાં આવી ગયેલી આંખ બંધ થઈ ગઈ હોય તે ઉઘડવા લાગે છે. આ કાર્ય શલાકા કરે છે, બંધ થઇ ગયેલી આવી ગયેલી આંખને ઉઘાડ દે કરવાનું કામ શલાકા કરે છે, એટલે એ સામાની આંખને બરાબર અસર કરે છે. શલાકા પુરૂષો સામાની આંખને ઓપ આપે છે, એને ઉઘાડી દે છે, એના પર પોતાનો પ્રભાવ સ્વભાવતઃ લાદે છે અને તે કારણે તેઓ શલાકા પુરૂષ કહેવાય છે. આવો ભાવ મને સૂઝે છે તે હું વિચારવા માટે રજૂ કરૂં છું. આ સિવાય અન્ય કોઇ ખુલાસો વિચારણીય મળશે તો તેનો વિચારપૂર્વક સ્વીકાર કરવામાં જરા પણ વાંધો ન હોઈ શકે. મને આ સંબંધમાં શાસ્ત્રીય ખુલાસાની પણ જરૂર લાગે છે પણ તે માટે હજુ સુધી કોઈ સ્થાન પ્રાપ્ત થયું નથી. માત્ર શલાકા પુરૂષને અંગે આદિનાથ ચરિત્રના ભાષાંતરમાં શ્રી જૈનધર્મ પ્રસારક સભા પૃ. ૫ માં એટલું લખે છે કે "આ ત્રેસઠ મહાપુરૂષો 'શલાકા પુરૂષ' એટલા માટે કહેવાય છે કે તેમના મોક્ષગમનનો ચોક્કસ નિર્ણય થયેલો છે." આ દૃષ્ટિએ જોતાં શલાકા શબ્દનો અર્થ 'ચોક્કસ નિર્ણય' થાય, પણ કોઇ પણ પ્રચલિત શબ્દકોષમાં એવો અર્થ મળતો નથી અને જો ત્રેસઠે પુરૂષો તદ્દભવ મોક્ષગામી હોત તો તો તે અર્થ જરૂર સ્વીકારી લેત, પણ હવે પછી જોવામાં આવશે તેમ કેટલાક શલાકા પુરૂષો તો સાતમી નરકે જાય છે. આ વાતને અંગે ચર્ચા કરવા યોગ્ય છે. મારો નિર્ણય કાંઈ નથી. માત્ર સૂચના છે તે વિચારણા માટે અને ચર્ચા માટે રજૂ કરી છે.

કાળચક્રની બે ચોવીશીમાં ત્રેસઠ ત્રેસઠ આવા શલાકા પુરૂષો પ્રત્યેક ચોવીશીમાં થાય, પણ તે ત્રેસઠ જીવો અલગ અલગ કુલ ત્રેસઠ હોવા જોઇએ એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ નથી. દાખલા તરીકે આપણે હમણા જ જોયું કે વર્તમાન ચોવીશીમાં ૫૯ જીવોએ એ સ્થાનનો લાભ લીધો છે, છતાં સંખ્યા ત્રેસઠની ગણાય છે. એટલે શલાકા પુરુષનો અર્થ આગેવાન ભાગ્યશાળી વ્યુત્પન્ન આગેવાનો કરવો ઠીક જણાય છે. ચર્ચાને પરિણામે વિશેષ હકીકત વિચારણીય મળી આવશે તો ઉપરનો વિચાર જરૂર ફેરવી શકાશે. એ ચર્ચા માટે હાલ તો રજૂ કરેલ છે.

કાળસિત્તરી પ્રકરણમાં ત્રાસી (૮૩) શલાકા પુરુષ બતાવ્યા છે તેમાં પ્રથમ સ્થાન નીચેના ત્રેસઠને આપવામાં આવ્યું છે.

૨૪ તીર્થંકર
૧૨ ચક્રવર્તી
૯ વાસુદેવ
૯ પ્રતિવાસુદેવ
૯ બળદેવ
૬૩

આ ત્રેસઠ ઉપરાંત કાળસિત્તરી પ્રકરણ પ્રમાણે બીજા વીશ શલાકા પુરુષો પ્રત્યેક ચોવીશીમાં ઉત્પન્ન થાય છે.

૧૧ રુદ્ર
૯ નારદ
૮૩

એટલે કુલ ૮૩ થાય છે. રુદ્ર પૈકી શ્રી મહાવીરસ્વામીના સમયમાં સત્યકી અથવા શિવ નામના રુદ્ર થયા છે તેનું ચરિત્ર આ કથાનકમાળામાં આવશે. નવ નારદો નવ વાસુદેવના સમયમાં જ થાય છે એટલે વાસુદેવ પ્રતિવાસુદેવ અને બળદેવ જેઓ સર્વ સમકાલીન છે તેની સાથે આ નવ નારદો પણ સમકાલીન છે. આ રીતે કોઇ સ્થાને ૮૩ શલાકા પુરુષો ગણવામાં આવ્યા છે.

ત્રેસઠ શલાકા પુરુષો ઉપર ગણાવ્યા તેના જીવ આ છેલ્લી ચોવીશી પ્રમાણે ૫૯ થાય છે શ્રી શાંતિનાથ સોળમા તીર્થંકર, શ્રી કુંથુનાથ ભગવાન સત્તરમા તીર્થંકર અને અઢારમા તીર્થંકર શ્રી અરનાથ ભગવાન તેજ ભવમાં તીર્થંકર અને ચક્રવર્તી થયા અને મહાવીરસ્વામી આ ચોવીશીમાં આ ભરતે ત્રિપૃષ્ઠ નામે વાસુદેવ થયા તેથી ત્રેસઠ શલાકા પુરુષો ગણાય તેના જીવ ૫૯ થયા છે.

## બાર ચક્રવર્તી

દરેક ચોવીશીમાં બાર ચક્રવર્તી થાય છે. ભરતક્ષેત્રના તેઓ માલેક થાય છે. છએ ખંડની સાધના કરે છે. તેમની પાસે અન્યત્ર બતાવેલ ચૌદ રત્નો અને નવનિધિ હોય છે અનર્ગળ સેના અને ભવ્ય પ્રતાપવાળા એ ચક્રવર્તીઓ ઠામઠામ વિજય સાધતા આગળ વધે છે. ઐરવતક્ષેત્રમાં એવા જ બાર ચક્રવર્તીઓ પ્રત્યેક ચોવીશીમાં થાય છે.

વર્તમાન અવસર્પિણીકાળના ચોથા આરામાં આપણા ભરતક્ષેત્રમાં એવા બાર ચક્રવર્તીઓ થયા. એમનાં ચરિત્રો શ્રીમાન હેમચંદ્રાચાર્યે ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રમાં કાયમ કરેલ છે. એ ગ્રંથના દશ પર્વ છે. આ ચોવીશીના બાર ચક્રવર્તીઓના નામ નિર્દેશ અને તેમનાં ચરિત્રનું સદહ મહાકાવ્ય શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રમાં સ્થાન ક્યાં છે વગેરે માહિતી અત્ર સંક્ષેપમાં નોંધીએ.

૧. **ભરત** ચક્રવર્તી. આદીશ્વર ભગવાનના પુત્ર. તદ્દ્ભવ મોક્ષગામી વિનીતાનગરીમાં થયા. અત્યારનું અયોધ્યા અર્થ ઐતિહાસિક સાકેતપુર અને આ વિનીતા નગરીનાં સ્થળ એક જ જણાય છે. એમનું ચરિત્ર ત્રિ. શ. પુ. ચરિત્રના પ્રથમ પર્વમાં આપવામાં આવ્યું છે. એમની મરૂદેવી માતા તરફની ભક્તિ અને ધર્મ પર અનન્ય ભાવના તથા રાજવૈભવ વિચારવા જેવા છે અને એમની એકત્વ ભાવના અને કેવલપ્રાપ્તિ ખાસ આકર્ષક હોઇ ધ્યાનમાં લેવા જેવા છે.

૨. **સગર** ચક્રવર્તી. બીજા તીર્થંકર શ્રી અજિતનાથ ભગવાનના સમયમાં વિનીતા નગરી (અયોધ્યા–સાકેતપુર)માં થયા. ત્રિ. શ. પુ ચરિત્રના બીજા પર્વમાં તેમની વિગત કલિકાળ સર્વજ્ઞે રજૂ કરી છે. અને તેમનું ચરિત્ર શ્રી અજિતનાથના ચરિત્ર સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ણાઈ ગયેલું છે એની સાથે સાઠ હજાર પુત્રના અવસાન વખતે તેમણે કરેલી અને તેમની પાસે રજૂ થયેલી ભાવના ખાસ વિચારણીય છે. સગર ચક્રવર્તી સુમિત્ર અને યશોમતીના પુત્ર થાય અને ભગવાન અજિતનાથના સગા કાકાના પુત્ર થાય. એ તે જ ભવમાં મોક્ષ ગયા.

૩. **મઘવા** ચક્રવર્તી. પંદરમા શ્રી ધર્મનાથ ભગવાન અને સોળમા શ્રી શાંતિનાથ તીર્થંકરના વચગાળેના આંતરામાં આ ત્રીજા ચક્રવર્તી શ્રાવસ્તી નગરીમાં થયા. આ ચક્રવર્તીની ધર્મશ્રદ્ધા સારી હતી. એ કાળ કરીને ત્રીજે દેવલોકે ગયેલ છે. એમનું ચરિત્ર શ્રી ત્રિ. શ. પુરૂષ ચરિત્રના ચોથા પર્વના છઠ્ઠા સર્ગમાં આચાર્યશ્રી હેમચંદ્રે કાયમ કર્યું છે.

૪. **સનત્કુમાર** ચક્રવર્તી આ ચોવીશીમાં ચોથા ચક્રવર્તી થયા. એમનો સમય પણ પંદરમા અને સોળમા તીર્થંકરના વચગાળેના સમયમાં જ છે. તેમની રાજધાની હસ્તીનાપુર નગરમાં હતી. એનું રૂપ અત્યંત સુંદર અને ભારે આકર્ષક હતું. એમણે છેવટે દીક્ષા લઇ જીવન કૃતાર્થ કરી ત્રીજું દેવલોક પ્રાપ્ત કર્યું. એમનું ચરિત્ર સદર ત્રિ. શ. પુ. ચરિત્રના ચોથા પર્વના સાતમા સર્ગમાં અતિ સુંદર રીતે શ્રી હેમચંદ્રાચાર્યે કાયમ કર્યું છે.

૫. ભગવાન શ્રી **શાંતિનાથ** મહારાજ આ ચોવીશીમાં પાંચમા **ચક્રવર્તી** હસ્તીનાપુર નગરીમાં થયા. એ જે ભવમાં ચક્રવર્તી થયા તે જ ભવમાં તીર્થંકર થયા. એમના પૂર્વ ભવો પણ ખૂબ વિચારવા યોગ્ય છે અને આખું ચરિત્ર મનનપૂર્વક વાંચવા જેવું છે. એમના વિશિષ્ટ ચરિત્ર માટે શ્રી હેમાચાર્ય મહારાજે આખું પાંચમું પર્વ રોક્યું છે અને એમાં ઠેકઠેકાણે કમાલ કરી છે.

૬. શ્રી **કુંથુનાથ** ભગવાન સત્તરમા તીર્થંકર તેજ ભવમાં ચક્રવર્તી થઇને તીર્થંકર થયા. હસ્તીનાપુર તેમની રાજધાની. શ્રી ત્રિ. શ. પુરૂપ ચરિત્રના છઠ્ઠા પર્વના પ્રથમ સર્ગમાં તેમનું ચરિત્ર સંક્ષિપ્ત પણ મુદ્દામ બાબતો સાથે આચાર્યવર્ય શ્રી હેમચંદ્રાચાર્યે રજૂ કર્યું છે.

૭. સાતમા ચક્રવર્તી શ્રી **અરનાથ** ભગવાન થયા. હસ્તીનાપુર નગરે તેઓ ચક્રવર્તી અને તીર્થંકર એમ બન્ને પદ પામ્યા. આ ચક્રવર્તીનું ચરિત્ર સદર ગ્રંથના છઠ્ઠા પર્વમાં બીજા સર્ગમાં કાયમ કરવામાં આવ્યું છે. તેમાં વીરભદ્રના દાનપ્રવાહનું વર્ણન ખાસ વિચારણીય છે.

૮. આઠમા ચક્રવર્તી **સુભૂમ** થયા. એનો સમય અઢારમા તીર્થંકર શ્રી અરનાથ અને ઓગણીશમા તીર્થંકર શ્રી મલ્લિનાથના અંતરાલનો ભાગ છે. એમની રાજધાની હસ્તીનાપુર. પરશુરામ સાથેનો તેનો આખો પ્રસંગ ખાસ વિચારવા જેવો છે. એણે છ ખંડથી આગળ વધી સાતમા ખંડ પર વિજય મેળવવા પ્રયત્ન કર્યો. ભરદરિયે એનું ચર્મરત્ન ડૂબ્યું. એ મરીને સાતમી નરકે ગયા. એનો હેવાલ છઠ્ઠા પર્વના ચોથા સર્ગમાં (શ્રી ત્રિ. શ. પુ. ચરિત્રે) શ્રી હેમચંદ્રાચાર્યે બહુ વિચારવા લાયક વાણીમાં વિસ્તર્યો છે. એમાં સાતમા ખંડને સાધવાની હકીકત આપી નથી એ નવાઇની હકીકત છે, પણ આ હકીકત શાસ્ત્રપ્રસિદ્ધ છે. પરશુરામ(જામદગ્ન્ય)ના એ સમકાલીન હતા. અતિ ભયંકર ઘોર અત્યાચારી અને મરીને સાતમી નરકે એ ગયા.

૯. નવમા ચક્રવર્તી શ્રી **મહાપદ્મ** નામના હસ્તીનાપુરમાં થયા. એમનો સમય વીશમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીનો સમકાલ છે. નમુચિનો પ્રસંગ એમાં સમજવા જેવો થયો છે. સદર ગ્રંથના છઠ્ઠા પર્વમાં આખો આઠમો સર્ગ આ મહાપદ્મ ચક્રવર્તીનું ચરિત્ર રોકે છે અને ખાસ વાંચવા યોગ્ય અદ્ભુતતા ધારણ કરે છે. એ અંતે દીક્ષા લઇ તે જ ભવમાં મુક્તિપદ પામે છે.

૧૦. દશમા ચક્રવર્તી શ્રી **હરિષેણ** વીશમા તીર્થંકર મુનિસુવ્રતસ્વામી અને એકવીશમા પ્રભુ શ્રી નમિનાથના અંતરકાળમાં કાંપિલ્યપુરમાં ચક્રવર્તી થાય છે. આ દશમા ચક્રવર્તી પણ સરસ રીતે રાજ્ય પાળી અંતે દીક્ષા લઈ તદ્ભવ મોક્ષગામી થાય છે. શ્રી ત્રિ. શ. પુ. ચરિત્રના સાતમા પર્વના બારમા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્થાપના નિક્ષેપની મૌલિકતા

(લેખક : સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ)

જગતના કોઈપણ ધર્મના તત્ત્વજ્ઞાન કરતાં જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન મૂલગ્રાહી અને વાસ્તવવાદી છે એમાં જરાએ શંકાને સ્થાન નથી. જગતના તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓએ એની મૌલિકતા સ્વીકારેલી છે. ડૉ. એનીબીઝાંટે કહેલું કે, જૈનધર્મ એ તત્ત્વજ્ઞાનીઓનો ધર્મ છે એ વાસ્તવિક છે. ષડ્દ્રવ્યની ઓળખાણ અને તેના પરસ્પર સંબંધો એકાંતદ્રષ્ટિથી નહીં પણ અનેકાંતદ્રષ્ટિથી જૈન તત્ત્વજ્ઞાને સિદ્ધ કરેલા છે. ગૂઢવાદના ઉકેલ લાવવા માટે સપ્તભંગીની રચના એ એક અપૂર્વ ખુબી છે. જુદા જુદા નયોની દ્રષ્ટિથી વસ્તુની ઓળખાણ એ જૈનધર્મની અત્યંત સમ્યક્ અને મૌલિક ખુબી છે. ઘણા તત્ત્વજિજ્ઞાસુઓ તો પ્રથમ દ્રષ્ટિએ ગુંઝવણમાં જ પડી જાય છે. પણ તેની સત્યાન્વેષક ખુબી સમજતાં તેઓ અત્યંત આનંદ મેળવે છે. આ બધા જ્ઞાનમાં ઉમેરો કરવા માટે વસ્તુની સત્યરૂપમાં અને મૂલગ્રાહી ઓળખાણ કરવા માટે જૈનશાસ્ત્રકારોએ ચાર નિક્ષેપાઓની યોજના કરેલી એ નિક્ષેપો પરત્વે પ્રસ્તુત લેખનો વિષય છે. એ ચારે નિક્ષેપોમાંથી સ્થાપના અથવા આકૃતિ માટે જગતમાં વ્યર્થ ખેંચતાણ અને ખોટા આગ્રહો નજરે પડે છે તે માટે એ વિષય પરત્વે થોડા વિવેચનની જરૂર છે. એમાં આગ્રહને કે અમુક જાતની માન્યતાને અવકાશ જ નથી સ્થાપના નિક્ષેપ એવા પ્રકારનો છે કે, ગણિતશાસ્ત્રમાં પ્રત્યક્ષ આંકોનો સરવાળો બાદબાકી કે ગુણાકાર ભાંગાકાર કરતા કોઇનો આગ્રહ ચાલી જ શકતો નથી તેમજ સ્થાપના નિક્ષેપનું કહી શકાય.

કોઈ પણ વૃક્ષ, પશુપક્ષી કે માનવ અગર વસ્તુનું ચિત્ર કાઢવામાં આવે છે અથવા હવે તો ફોટોગ્રાફી દ્વારા સાક્ષાત્ વસ્તુ દર્શન કરાવવામાં આવે છે ત્યારે આપણે બધી જ જાતની ભાવના અનુભવીએ છીએ. કોઇ મકાનની ભીંત ઉપર ચિત્રામણો કાઢેલા હોય છે અગર ચિત્રો આરીસાઓ સાથે ગોઠવેલા હોય છે ત્યારે આપણું આકર્ષણ વધી જાય છે. અને

---

સર્ગમાં એમનું સંક્ષિપ્ત ચરિત્ર કાયમ કરવામાં આવ્યું છે.

૧૧. અગિયારમા ચક્રવર્તી **જય** નામના રાજગૃહ નગરમાં થયા. તેમનો સમય એકવીશમા તીર્થદેવ શ્રી નમિનાથ અને બાવીશમા તીર્થંકર શ્રી નેમનાથની વચગાળેના સમયમાં થયો. તેમનો આયુષ્યકાળ ત્રણ હજાર વર્ષનો બતાવ્યો છે. એમનું ચરિત્ર સાતમા પર્વના તેરમા સર્ગમાં આચાર્ય શ્રી હેમચંદ્રે કાયમ કર્યું છે. તેઓ પણ દીક્ષા લઈ તદ્ભવ મોક્ષગામી થયેલા છે એમ ગ્રંથાતરોમાં બતાવ્યું છે

૧૨. વર્તમાન ચોવીશીમાં છેલ્લા બારમા ચક્રવર્તી **બ્રહ્મદત્ત** પંચાલ દેશે કાંપિલ્યપુર નગરે થયા. એનો સમય બાવીશમા તીર્થંકર નેમનાથ અને તેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથની વચગાળેનો છે. એના ચરિત્રમાં માતા ચુલનીના વિષય વિકારો અને લાક્ષાગૃહનો આખો પ્રસંગ ખૂબ સમજવા યોગ્ય છે, બ્રહ્મદત્તની રખડપાટી ભારે ચમત્કારી છે અને એની વિષયવાસનાનાં ફળો અવધારવા યોગ્ય છે. ૭ ખંડ સાધ્યા પછી એ અંધ થયો, ૭૦૦ વર્ષ જીવ્યો, મરીને સાતમી નરકે ગયો, એનું અદ્ભુત આશ્ચર્યકારી ચરિત્ર સદર ગ્રંથના નવમા પર્વના પ્રથમ સર્ગમાં દાખલ કરવામાં આવ્યું છે.

ચક્રવર્તી પૈકી આઠ મોક્ષ ગયા, બે ત્રીજે દેવલોકે ગયા (નં. ૩ અને ૪) અને બે (નં. ૮ અને નં. ૧૨) સાતમી નરકે ગયા. બાર ચક્રવર્તીનાં ચરિત્રો ખાસ વાંચવા વિચારવા અને સમજવા યોગ્ય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિકારો અને વિચારોને ભરતી આવે છે. એટલા માટે જ જ્યાં વિકારોનો ઉદ્‌ભવ થવાનો સંભવ હોય ત્યાં સાધુપુરૂષો રહી શકતા નથી. એ એક પ્રબલ કારણ થઇ પડે છે. પણ એની જગ્યા ઉપર હવે કોઈ મુનિ દિક્ષા અગિકાર કરતો હોય અગર તપ આચરી રહ્યો હોય છે ત્યારે તે દૃશ્ય સારી ભાવનાઓને પોષક થઇ જાય છે એ ઉપરથી સિદ્ધ થાય છે કે, ચિત્રો અગર આકૃતિઓ અમુક વિચારો જાગૃત તો કરે છે જ. અર્થાત્ સ્થાપના એ વસ્તુ દર્શનનું અગર ઓળખાણનું સાધન હોય છે.

કોઇ વસ્તુ કે તત્ત્વનું નામ તો હોય છે જ. તે નામની સાથે તે વસ્તુની આકૃતિ દોરવામાં આવે છે ત્યારે તે બીજો સ્થાપના નિક્ષેપ થઇ જાય છે. ત્રીજો દ્રવ્ય નિક્ષેપ એ વસ્તુ વિશેષના પરમાણુઓનો સમૂહ હોઈ શકે અગર તેના પ્રદેશો હોઇ શકે. તેમજ તે તે વસ્તુઓનો જે સદ્‌ભાવ તે જ ભાવનિક્ષેપ હોઇ શકે. આ બધા નિક્ષેપોમાંથી આપણે સ્થાપના નિક્ષેપ માટે જ અત્રે ઉહાપોહ કરીશું.

વૈદિક ધર્મ મૂર્તિપૂજા તો માને છે. ઉત્પાત, વ્યય અને ધ્રુવ એ મહાન ત્રિપુટીને જ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર એ ત્રણ દેવોની કલ્પનામાં મૂકવામાં આવેલ છે ત્રણે દેવતાઓને દત્ત દેવતામાં ત્રિપુટરૂપ ત્રણ મુખો કલ્પી એ ત્રણ નહીં પણ એક જ દેવતાની કલ્પના માનેલી છે. તે તે દેવતાઓ પાસે રાખેલ વસ્તુઓ કે પ્રાણીઓ તે તે દેવના ગુણવર્ણન સ્વરૂપ પ્રતીકો તરીકે મૂકવામાં આવે છે. વાસ્તવિક રીતે ઉત્પાત, વ્યય અને ધ્રુવરૂપ ત્રણ અવસ્થા કે મહાન ગૂઢ ઉકેલવાની એ ચાવી છે. ઇશ્વરની વ્યાખ્યા તેના સાચારૂપમાં કોઈ કરી શકયું નથી. ઇશ્વરને કોઇ ઉપમા ઘટી શકતી નથી. ઇશ્વર અરૂપી માનવ બુદ્ધિને ગ્રાહ્ય ન થાય એવુ તત્ત્વ હોવાને લીધે તે કોઈ સાક્ષાત્ બતાવી શકયુ નથી. માટે જ તેને નિર્ગુણ નિરાકાર કહી સંબોધે છે. એનુ સ્વરૂપ બતાવી ન શકાય પણ અંગુલી નિર્દેશ કર્યા વિના અને ઇંદ્રિયોને અંશતઃ ગોચર થવા માટે તેની સ્થાપના જ કરવી પડી છે. વૈદિકોની પૂજા દેવતોમાં એક વર્તુલાકાર ગોટાને શાલિગ્રામ કહી તેને પૂજે છે. પૂર્ણ ગોલાકૃતિ એટલે બધી તરફથી સરીખો હોવાથી અચિંત્ય અવર્ણનીય ગણાય છે. અરૂપીને પણ પોતાની ભક્તિ બતાવવા માટે એવું ગોલાકાર રૂપ આપી પૂજા કરવી પડી છે. મતલબ કે સ્થાપના એ અસંત આવશ્ય વસ્તુ સિદ્ધ થાય છે. એટલે કે ગમે તે રૂપમાં કોઇને કોઇ રીતે આકૃતિ કે સ્થાપના એ અત્યંત આવશ્ય વસ્તુ મનાઈ છે. એના માટે આગ્રહ ચાલી શકતો નથી. તેથી જ જૈન શાસ્ત્રકારોએ આર્હત્ય કે ઇશ્વરત્વની કલ્પના કે પૂર્ણાત્માની પૂજા કરવા માટે તીર્થંકરત્વ પ્રાપ્ત થતી વખતની આકૃતી કે સ્થાપનાની–પ્રતિમાની પૂજા વિહિત માનેલી છે.

ઇસ્લામ કે ખ્રીસ્તી ધર્મના લોકો એવી મૂર્તિ આકૃતિ કે સ્થાપનાનો નિષેધ કરતા જણાય છે. છતાં તેઓ તેનો સર્વથા નિષેધ કરી શકયા છે કે તેનો આપણે વિચાર કરીએ.

ઇશ્વર સર્વવ્યાપી છે એમ તેઓ માને છે. પણ પ્રાર્થના કે નમાજ વેળા તેઓ અમુક દિશાએ જ મુખ રાખી નમાજ વદે છે. એ વખતે તેમનું ધ્યાન તો મક્કામાં જ્યાં એક સ્થાપના કે આકૃતિ છે તે તરફ જ રાખે છે. એ સ્થાપનાની વસ્તુ શું છે? એનો આપણે કાંઈક ખુલાસો મેળવીએ.

અનંત એવા આકાશમાં ઉલ્કા નામના મોટા પદાર્થો હોય છે. તે વર્તુલ રૂપમાં પૃથ્વીની આસપાસ અત્યંત વેગથી ફરે છે. કોઇ કોઇ વખત પૃથ્વીના વાત્ ચક્ર સાથે તેમનું ઘર્ષણ થાય છે અને આકાશમાં તારાઓ ખર્યાના દેખાવો આપણી નજરમાં આવે છે. અમુક ઋતુમાં એવી ઉલ્કાઓ ઘણી જોવામાં આવે છે અને આકાશમાં ઘણા તારા ખરતા જણાય છે. તે ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણને અથડાતા વાયુરૂપ થઈ જાય છે ત્યાં સુધી આપણે તે ઉલ્કાઓનો પ્રત્યક્ષ વસ્તુ વિશેષ જોવામાં આવતો નથી. ફક્ત દીવા જેવો ચમકારો થઈ તે નષ્ટ થઇ જાય છે. પણ એકાદ ઉલ્કા ઘણી મોટી અથડાય છે ત્યારે તેના કકડા થઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય છે અને પૃથ્વી સુધી તે કકડાઓ પોંચી જાય છે ત્યારે આપણે તેને ઉલ્કાપાત અથવા પત્થરનો વરસાદ થયો એમ ગણીએ છીએ. ઘણીવાર એવી ઉલ્કાઓનો વરસાદ પૂર્વકાળમાં થએલો છે. એ ઉલ્કામાંથી લોઢું વિગેરે ધાતુઓ મળી આવેલ છે. અને તેના હથિઆરો બનાવી પ્રદર્શનમાં મૂકવામાં પણ આવેલ છે. એવી એક ઉલ્કા પૂર્વકાળમાં ઉપરથી પડેલી હશે અને એને જ ઈશ્વરપ્રેષિત માની તેજ કાબામાં રાખી તેની પૂજા થાય છે. તેની આગળ ધૂપ, દીપ, વસ્ત્ર, ફુલ વિગેરે બધી જાતની પૂજા કરવામાં આવે છે. એ વસ્તુસ્થિતિ મૂર્તિપૂજાનો સર્વથા નિષેધ કરનારા ઇસ્લામ ધર્મના બંધુઓની છે. એમણે પૂજ્ય માનેલી વસ્તુઓ તો જડની જ હોય છે છતાં તેનું જરા પણ અપમાન થતા તેમની લાગણી ઉશ્કેરાય છે. એ સ્થાપના નિક્ષેપને માનવાનો પ્રકાર નહીં તો બીજું શું છે ? મોઢેથી જેનો નિષેધ કરાય છે તે જ વસ્તુ અત્યંત પૂજનીય ગણાય છે. માનવનો આ દુરાગ્રહ નહીં તો બીજું શું ?

ખ્રીસ્તી ધર્મ માટે વધુ કહેવાની જરૂર નથી, કારણ તેમના પ્રાર્થના મંદિરોમાં ઈશુની અને તેમની માતાની પ્રતિમા મૂકવામાં આવેલ હોય છે. જે ક્રૂસ ઉપર ઇશુનો વધ કરવામાં આવ્યો હતો તે ક્રૂસ તો એક દૈવત અને ધર્મચિન્હ તરીકે જ ખ્રિસ્તીઓ વાપરે છે. ઈશુના ફોટાઓ લાખોની સંખ્યામાં વેચાય છે. ઈશુના ચરિત્રના પુસ્તકમાં ઈશુએ સહન કરેલા કષ્ટો અને ઉપસર્ગો આપવામાં આવેલા હોય છે. અને તે બધા પૂજ્ય તરીકે ખ્રિસ્તીઓ પૂજે છે, માને છે. પૂજાના પ્રકાર જુદા હોય તેથી તેની પાછળની ભાવના બદલાઈ જતી નથી. મતલબ કે સ્થાપના કે આકૃતિ ક્રીશ્ચીયનો સારી પેઠે માને છે. સ્થાપના નિક્ષેપ ટાળી શકાય એવી વસ્તુ જ નથી.

ગમે તે સભા સમારંભોમાં અનેક જાતના વિધિ નિષેધો પાળવામાં આવે છે. ત્યાં પણ પ્રતીક રૂપે અનેક વસ્તુઓનું પ્રદર્શન જોવામાં આવે છે એ સ્થાપના નિક્ષેપનો જ ભેદ કહેવાય છે. જે જે જમાનામાં જે જે મહાપુરૂષો કોઈ પણ ક્ષેત્રમાં ચળકી જાય છે તેમના પુતળાઓ, પ્રતિમાઓ કે તસ્વીરો દરેક દેશમાં અને દરેક કાળમાં મુકવામાં આવે છે. મતલબ કે પ્રતિમાપૂજન એ ઓળખાણનો એક પ્રકાર હોય છે. એટલે સ્થાપના નિક્ષેપ એ ટાળી ન શકાય એવી વસ્તુ છે. અત્યાર સુધી કોઈ પણ વસ્તુની ઓળખાણ ચારે નિક્ષેપ વિના પૂર્ણ થઈ નથી. અને થવાની પણ નથી. માટે જ નામાકૃતિદ્રવ્યભાવાત્મક નિક્ષેપ માનવા એ કોઈ કલ્પના નહીં પણ નક્કર સત્ય છે. આખા જગતને માનવો પડે એવો એ વારસો છે.

આ નિક્ષેપમાંથી છુટા થવા માટે અનેકોએ અનેક મૌખિક પ્રયત્નો કરી જોયા. પણ આખરે એ બધા નિષ્ફળ થવા માટે જ નિર્માયા હતા. આપણા સ્થાનકવાસી બંધુઓએ કેટલાએક આગમોનો નિષેધ કરવા સુધી પ્રયત્ન કરી જોયા. પણ એ બધો પ્રકાર વસ્તુસ્થિતિનો અપલાપ કરવા જેવો પ્રકાર હતો. સ્થાનકવાસી શબ્દ જ અર્થવિહીન થઈ જાય છે. કેવળ મંદિર કે પ્રતિમાનો નિષેધ કરવા માટે અર્થાત્ સ્થાપના નિક્ષેપ જે નિસર્ગસિદ્ધ વસ્તુ છે તેને ટાળવા માટે એ કૃત્રિમ શબ્દ પ્રયોગ નિર્માણ કરવો પડ્યો છે.

પ્રતિમાપૂજન એ સાક્ષાત્ પ્રભુ પૂજન, નામ સ્મરણ, ગુણ પ્રશંસા, સત્ય ગ્રહણ, આત્મસાધન વગેરે પરંપરાનું સુલભમાં સુલભ સાધન છે એ વિચાર કરતા સમજાય તેવું છે. બાલજીવોનો ધર્મોન્મુખ થવાનો એકાંત એક જ સુયોગ્ય માર્ગ છે એ વિચારી સ્થાપના કે આકૃતિ નિક્ષેપનો સ્વીકાર કરવો એ જ એક ઉચિત માર્ગ છે.

સત્ય વસ્તુનો અપલાપ કરવો અને અસત્ય માર્ગ અનુસરવો એ મહાદોષ છે. પૂર્ણ જ્ઞાની મહાત્માઓએ પ્રરૂપેલ માર્ગ ગ્રહણ કરવો એ યોગ્ય જાણી ધર્માભિમુખ મુમુક્ષોએ સત્ય માર્ગ ગ્રહણ કરવો એ સમુચિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિનપ્રતિમાદિની પ્રાચીન પૂજનવિધિ

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

જૈન આગમો અને એનાં વિવરણો જાતજાતના વિષયોનો બોધ કરાવે છે આવો એક વિષય તે જિન પ્રતિમા વગેરેનું, પ્રાચીન સમયમાં–ઓછામાં ઓછાં ૨૪૦૦ વર્ષો ઉપર કઇ વિધિએ પૂજન થતું હતું તે છે. આ બાબત **રાયપ્પસેણઇજ્જ** નામના આગમમાં જે **સૂર્યાભદેવ**નો વૃત્તાન્ત આલેખાયો છે તેમાં નિરૂપાયેલી છે

'સુધર્મા' સભાના ઇશાન ખૂણામાં ૧૦૦ યોજન લાંબું, ૫૦ યોજન પહોળું, અને ૭૨ યોજન ઊંચું એવું 'સિદ્ધાયતન' છે. એ સિદ્ધાયતનની બરાબર વચ્ચે ૧૬ યોજન લાંબી, ૧૬ યોજન પહોળી અને ૮ યોજન જાડી એવી 'મણિપીઠિકા' છે. એના ઉપર એટલો જ લાંબો તેમ જ એટલો જ પહોળો અને થોડોક વધારે ઊંચો એવો 'દેવચ્છંદક' છે. જેના ઉપર [1]જિનની ઊંચાઇ જેટલી ઊંચી ૧૦૮ જિન-પ્રતિમાઓ છે.

સિદ્ધાયતનના ઈશાન ખૂણામાં 'ઉપપાત–સભા' છે. એના ઇશાન ખૂણામાં પાણીનો મોટો ધરો છે. એના ઇશાન ખૂણામાં 'અભિષેક–સભા' છે. એના ઈશાન ખૂણામાં 'અલંકાર-સભા' છે. એના ઈશાન ખૂણામાં 'વ્યવસાય–સભા' છે અને એમાં એક મોટું પુસ્તકરત્ન છે.

ઉપર્યુક્ત સિદ્ધાયતન **સૂર્યાભદેવ**ના વિમાનમાં આવેલું છે. એની 'સુધર્મા' સભામાં ચૈત્યસ્તંભ છે. તેમાં જિનના સક્થિઓ રાખેલાં છે.

**સૂર્યાભદેવે** ઉપર્યુક્ત પુસ્તકરત્ન ઉઘાડી વાંચી ધાર્મિક વ્યવસાયને અંગેની માહિતી મેળવી. પછી પુષ્કરિણીમાં ઊતરી એણે પોતાના હાથપગ ધોયા. ત્યાર બાદ એક મોટી ઝારી (ભૃંગાર) અને પુષ્કરિણી-માંના કમળો લઈ એ સિદ્ધાયતનમાંના દેવચ્છંદકમાં જ્યાં જિનપ્રતિમાઓ રહેલી હતી ત્યાં આવ્યો. ત્યાર બાદ એણે નીચે મુજબનાં કાર્યો એક પછી એક કર્યાં:–

૧. જિનપ્રતિમાઓ નજરે પડતાં એણે એને વંદન કર્યું.
૨. લોમહસ્તક ( મોર પીંછી ) લઈ એ વડે એણે જિનપ્રતિમાઓનું પ્રમાર્જન કર્યું.
૩. સુગંધી જળ વડે પ્રતિમાઓને એણે સ્નાન કરાવ્યું.
૪. 'ગોશીર્ષ' ચંદન વડે ગાત્રો ઉપર એણે લેપ કર્યો.
૫. ગાત્રો સુવાસિત અંગ લૂછણાથી એણે લૂછ્યાં.
૬. જિનપ્રતિમાઓને બે દેવદૂષ્ય એણે પહેરાવ્યાં.
૭. એ સવસ્ત્ર પ્રતિમાઓ ઉપર ફૂલ, માળા ગંધ, ચૂર્ણ, વર્ણ, વસ્ત્ર, આભૂષણ વગેરે એણે ચડાવ્યા.
૮. લાંબી લાંબી માળાઓ એણે પહેરાવી.
૯. ફૂલોનાં પગર એણે ભર્યાં.
૧૦. જિનપ્રતિમાઓની સન્મુખ આઠ મંગલો એણે આલેખ્યાં.
૧૧. પ્રત્યેક પ્રતિમા આગળ એણે ધૂપ કર્યો.
૧૨. ગંભીર અર્થવાળા મોટા ૧૦૮ છંદો બોલી એણે પ્રતિમાઓની સ્તુતિ કરી.
૧૩. એ સાત–આઠ પગલાં પાછો ફર્યો.
૧૪. બેસીને ડાબો પગ ઊંચો રાખી અને જમણો પગ જમીન ઉપર મૂકી મસ્તક ત્રણ વાર નમાવી એણે "નમુત્થુણં" કહ્યું.

લોમહસ્તકથી પ્રમાર્જન કરવાથી માંડીને આભૂષણાદિ ચડાવવા સુધીની ક્રિયાઓ એણે નીચે મુજબ ગણાવેલ ને અંગે કરી:—

સિદ્ધાયતનનો વચલો ભાગ, એની ચારે બાજુનો દ્વાર–પ્રવેશ, મુખ મંડપો, પ્રેક્ષાગૃહ મંડપો, વજ્રમય અખાડો, ચૈત્યસ્તંભો, મણિપીઠિકાઓ ઉપરની જિન-પ્રતિમાઓ, ચૈત્યવૃક્ષો, મહેન્દ્ર ધ્વજો, 'નંદા' પુષ્ક-રિણીઓ, માણવક, ચૈત્યસ્તંભોમાં સચવાઇ રહેલાં જિન–સક્થિઓ, દેવ શય્યાઓ, નાના મહેન્દ્ર ધ્વજો, 'સુધર્મા' સભા, ઉપપાત–સભા, અભિષેક-સભા, અલંકાર–સભા, બધી સભાઓનો ચારે તરફનો પ્રદેશ, બધે સ્થળે આવેલી પૂતળીઓ ( શાલભંજિકાઓ ).

---

[1] આથી કયા તીર્થંકર અભિપ્રેત છે તે જાણવું બાકી રહે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુપાત્ર દાન

સં. ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ-મોરબી

"सुष्टु पात्रं सुपात्रं सुपात्रे दीयते तस्सुपात्र दानं"

ઉત્તમ પાત્રમાં દાન આપવું તે સુપાત્ર દાન કહેવાય છે. આ દાન શ્રેષ્ઠ દાન છે-સુપાત્રમાં જે પાત્ર શબ્દ છે તે વાસણ કે બીજા પદાર્થ આશ્રયી નથી-પણ લાયકાતપણાને આશ્રયી છે. જેનામાં ઉત્તમ લાયકાત હોય તે સુપાત્ર કહેવાય છે. સુપાત્ર દાનથી પરમ ભક્તિ, પરમજ્ઞાન અને પરમાત્મદશાની પ્રાપ્તિ થાય છે. ચિત્ત-વિત્ત અને પાત્ર એ ત્રણે સંયોગો સમપણે પરિણમે તો જ સુપાત્ર દાન કહી શકાય છે.

ચિત્ત :-ચાસતેલની દુર્ગંધ યુક્ત વાસણમાં તેની ખરાબ ગંધ દૂર કર્યા વિના તેમાં દૂધ-દહિં કે ઘી વિગેરે નાંખવાથી તે ગંધાઇને ખરાબ થઈ જાય છે; પણ આપણા ઉપભોગને અર્થે કામ આવતા નથી. તેમ અંતઃકરણ એ પરમાર્થ તત્વને રહેવાનું પાત્ર (વાસણ) છે, તેમાં મોહ-માયા-મૂર્છા-કષાય-વિષયાદિ અધમ દોષોની ખરાબ ગંધ અંતઃકરણમાં ભરાઇ રહી છે, ત્યાં સુધી સંત સમાગમ-સેવા-ભક્તિ તથા સદ્બોધરૂપ ઘૃત વા અમૃત નાંખવાથી તે ખરાબ થઈ જાય છે વા ગંધાઇ જાય છે, અર્થાત્ નિષ્ફળતાને પામે છે. માટે ચિત્તમાં વિશુદ્ધતા, પવિત્રતા, ક્ષમા, ભક્તિ, જિજ્ઞાસા, નિર્મોહતા, વિષય વિરક્તતાદિ સદ્-ગુણો હોય તો તેવા ચિત્તમાં નિર્મળ પ્રેમ (ભક્તિ) ભાવના પ્રબળપણે પ્રગટ થાય છે **ભાવના સદ્દશી સિદ્ધિ:** ભાવના પ્રમાણે સિદ્ધિ થાય છે. ભાવના મલિન હોય યા શિથિલ હોય તો ફલ સિદ્ધિની નિરર્થકતા થઇ જાય છે. ચિત્ત દોષમુક્ત વિશુદ્ધ હોય ત્યારે તેવા ચિત્તમાં પ્રસન્નતા અને નિષ્કામતા એ બે ઉત્તમ ગુણો ઉત્પન્ન થાય છે. એ બન્ને ગુણ સંયુક્ત ચિત્તમાં ઉલ્લાસભાવ હોય તેથી દાનની સિદ્ધિ થાય છે.

વિત્ત :-દાન આપવામાં પૈસાની જરૂર પડે, તે પૈસા સત્ય અને નીતિથી કમાયેલ હોવો જોઇએ. મહારંભ-મહાપરિગ્રહના માત્ર ધંધાથી મેળવેલ પૈસાના અન્ન પોષણથી અંતઃકરણની મલિનતા થાય છે. "આહાર તેવા ઓડકાર" માટે જે ધંધામાં કુડ-કપટ થતા હોય, અનેક જીવોને ત્રાસ થતો હોય એવા માત્ર વ્યાપારથી નિવૃત થઇ સત્વ તથા ન્યાયને માર્ગે કમાણી કરનારના અંતરમાં તથા તે દ્રવ્યના ખોરાકમાં સાત્વિકતા હોય છે, જેથી બુદ્ધિ નિર્મળ રહે છે, હૃદય જાગ્રત હોય છે. અનીતિ કે અસત્યથી મહાપાપનો ધંધો કરનાર તથા ક્રૂરતાથી કમાણી કરનારનું હૃદય પાપી હોય છે અને તેવા પાપી પૈસાના ખોરાકમા તામસી તથા રાજસી વૃતિઓ ઉત્પન્ન થવાથી હૃદય ક્લિષ્ટ બને છે, જેથી સદ્ભાવના વા ધર્મપ્રીતિ ઉત્પન્ન થતી નથી, માટે વિત્ત સત્ય તથા ન્યાયોપાર્જીત હોય તોજ દાનની સિદ્ધિ થાય છે.

પાત્ર :-મધુર દૂધ તથા સ્વચ્છ જળ હોય પણ જો તેને કાદવ-કીચડ કે દુર્ગંધવાળા ખરાબ પાત્રમાં નાખ્યું હોય તો તે ગંધાઈ જાય છે. તેમ નિર્મળ ભાવપૂર્વક, ન્યાય વિત્ત-સંપન્ન પદાર્થોનું દાન અધમ પાત્રને આપવાથી આત્મિક લાભની પ્રાપ્તિ થતી નથી. માટે પાત્ર પણ ઉત્તમ જોઇએ. આ વિશ્વમાં વિવિધ જાતિના અનંત જીવોની કોટિમાં સર્વોત્કૃષ્ટ પાત્ર સત્પુરૂષ ત્યાગી-સંયમી મહાત્માઓ જ છે. સચ્ચિદા-નંદ ( સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રમય )રૂપ અવિનાશી એવું આત્મ-તત્ત્વ જેને હૃદયમાં નિરાવરણપણે પ્રગટ-પણાને પામ્યું છે તેને જ જ્ઞાનીઓ સત્પુરૂષ કહે છે.

માસખમણને પારણે માસખમણના ઉપવાસો કરતા હોય, બાહ્યત્યાગના હઠબળથી ઉત્કૃષ્ટપણે બાહ્ય ચારિત્ર પાળતા હોય પણ જો અંતરમાં આત્મજ્ઞાન પ્રગટ ન થયું હોય, તો તેને શાસ્ત્રકારો અજ્ઞાની કહે છે. સત્પુરૂષ તેજ છે કે જેને નિશદીન આત્માનો ઉપયોગ છે. અમારા ગચ્છ-મત વા સંપ્રદાય, અમારા શિષ્યો, આ અમારો ધર્મ અને આ તમારો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જમણુપુર

આ ગામ પ્રાચીન છે. જૈન તીર્થ સર્વ સંગ્રહ ભાગ ૧ લો ખંડ પહેલો પૃષ્ટ ૪૬ માં લખે છે કે પૂજ્યપાદ વિજયધર્મસૂરિ મહારાજે બહાર પાડેલ પ્રાચીન લેખ સંગ્રહ ભા. ૧લો પૃષ્ટ ૧૬ લેખ નં. ૩૪ સંવત ૧૨૮૫ વર્ષે જ્યેષ્ટ શુદિ ૩ રવૌ જામાણકીય વ્ય. યશોધવલ સુત વ્ય. પૂનાકેન ભ્રાતૃવીરદેવ શ્રેયસે શ્રી નેમિનાથ પ્રતિમા કારિતા.

જામાણકીય ગચ્છ આ ગામમાંથી નીકળ્યો છે કે બીજા ગામમાંથી તે નક્કી થવું જોઇએ. કારણ કે, સંડેરક ગચ્છ સાંડેરાવ ગામમાંથી નીકળ્યો છે. સાંડેરાવ ગામ બે છે. ૧ માણું રોડ સ્ટેશનની પાસે છે. બીજુ મારવાડમાં સાંડેરાવ કરીને ગામ છે. ત્યાં સંડેરક ગચ્છ માણુરોડ પાસે સાંડેરાવ ગામ છે ત્યાંથી નીકળેલ નથી પરંતુ મારવાડમાં સાંડેરાવ ગામ છે ત્યાંથી નીકળ્યો છે. ગુરુમહારાજે લખેલું છે જમણુપુર મંત્રી જૈત્રસિંહે પોતાની જમણદેવીના નામથી વસાવ્યું છે. આ પ્રમાણે માનવામાં વાંધો નથી. જ્યાં સુધી આ ગામમાંથી અથવા બીજા ગામમાંથી જામાણકીય ગચ્છનું નક્કી ન થાય ત્યાં સુધી ઉપરની વસ્તુ માનવામાં વાંધો નથી.

જમણપુરની આસપાસ મોટા મોટા ટેકરાઓ પથરાયેલા છે અને તેમાં મોટા મકાનોના પાયા પણ એની પ્રાચીનતાનો પુરાવો રજુ કરે છે. જો શોધ-ખોળ કરવામાં આવે તો એ લોકોને ઇતિહાસમાં નવું પ્રકરણ ઉમેરાય, એવી સામગ્રી મળવાનો સંભવ છે. અહિં મૂળનાયક ચંદ્રપ્રભુની આરસની એક પ્રતિમા છે ધાતુના ચાર પ્રતિમા છે. આ દેરાસરની પ્રતિષ્ઠા વિક્રમ સં. ૧૯૬૪ વૈશાખ શુદિ ૧૦ ના દિવસે કરવામાં આવી છે. આ પરિકરની ગાદી મકા નામની નગરીના ખેતરમાંથી મળી છે. આ ગાદીને ટાપટીપ કરીને ભગવાનની નીચે રાખવામાં આવી છે. ગાદી નીચે ધર્મચક્ર છે તેની બંન્ને બાજુએ બે હરણ છે. ગાદીની નીચે પ્રાચીન લીપીમાં ૧૧૨૬નો લેખ છે. લેખ નીચે પ્રમાણે છે.

થારાપદ્રગચ્છે શ્રીમાલ વિશાલ ધર્કટાન્વયઃ ।
વરણગમ હત્તમતનયઃ શ્રી સંતુકા માત્યઃ ॥ ૧ ॥
તજ્જનનાં સંપુથુ (શ્રી) પુણ્યાય સ્વસ્ય કારાપયામાસ ।
મંકા સ્થાનક ચૈત્યે સદ્વિય ( સંસ્થિત )
મિદં જીનેંદ્રસ્ય ॥ ૨ ॥
સં. ૧૧૨૬ વૈશાખ । વીદિ ૧૧ શનૌ ॥"

### લેખનો અર્થ

વિ. સં ૧૧૨૬ ના વૈશાખ વદિ ૧૧ ને શનિવારે થારાપદ્ર ગચ્છના અને શ્રીમાળી ધર્કટ વંશના વરણગના પુત્ર મહત્તમ શ્રી સંતૂક નામના અમાત્યે તેની માતા સંપુથુશ્રીના અને પોતાના પુણ્ય માટે મંકા નામના સ્થળના ચૈત્યમાં જિનેંદ્રની આ પ્રતિમા ( પરિકરયુક્ત ) કરાવી.

આ સાન્તુ મંત્રી ગુર્જર નરેશ કર્ણરાજ અને સીદ્ધરાજ માહેદારી મંત્રી હતા. આ મંત્રીને મકાનની સાથે કંઇપણ સંબંધ હતો. કારણ કે સાન્તુ મંત્રીએ પોતાના માતાના પુણ્યાર્થે પ્રતિમાજીની પરિકર કરાવી લાગે છે.

અહિં રાવળોના ઘરો પાસે જૈન મંદિરની નિશાનીઓ દેખાય છે. આ મંદિર મોટું બાવન

---

ધર્મ એવી મમત્વ ભાવના તથા ભિન્નતા જેના હૃદયમાંથી નષ્ટ થયા છે. ગમે તે દેશના ધર્મ-મત વા વેષ પ્રવૃત્તિ તરફ સત્ય એ જ જેને સ્વપણું સમજાયું છે જગતના સર્વ ગચ્છ-મત અને દર્શનો પ્રત્યે જેની સમભાવ વૃત્તિ છે. દેહ મૂર્ચ્છા અને જગદાહાર વૃત્તિથી જે વ્યકત થયેલ છે, શત્રુ-મિત્ર પ્રત્યે જેને સમવૃત્તિ છે એવી ઉત્કૃષ્ટ દશાધારક પુરૂષ જ સત્પુરૂષ કહેવાય છે. તેવા સત્પુરૂષને પ્રસન્નતા તથા નિષ્કામ સહિત ચિત્તની નિર્મળ ભાવના પૂર્વક સત્ય તથા ન્યાયસંપન્ન દ્રવ્યનું જે દાન કરવું તેને જ્ઞાની-પુરૂષો સુપાત્રદાન કહે છે.

બલભદ્ર-સુતાર અને હરણના દૃષ્ટાંતો આવા દાનને માટે શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે " વિચારેણ કૃતં કાર્યં ફલ સિદ્ધિ ભવિષ્યતિ "-વિચાર પૂર્વક કાર્ય કરવાથી જ ફલ સિદ્ધિ થાય છે. દાન શું ? કયું દાન ? કેવી રીતે અને કેવા પાત્રને આપવું, તેનો પુરતો વિચાર કરીને આપીએ તો જ તે સુપાત્રદાનની કોટિમાં ગણી શકાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિનાલયવાળું હશે એમ એના વિસ્તારથી જણાય છે આ મંદિરની ઈટો વિગેરે મહાદેવના મંદિર માટે ખપ લાગી હતી એમ ત્યાંના વૃદ્ધો કહે છે.

શંખેશ્વરની ચોપડીમાં આ જમણપુરનો ઇતિહાસ વાંચીને લાલભાઈ લલ્લુભાઈએ આનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો, એમાં થોડું કામ બાકી રહી ગયું છે. ત્યાં શ્રાવકોના થોડા ઘરો છે. જૈત્રસિંહે જિનાલય કરાવ્યું છે. તો લાગે છે રાવળોના ઘરો પાસે જૈન મંદિરના નીશાની દેખાય છે તે જ જિનાલય બંધાવ્યું હોવું જોઈએ મંત્રી જેવું તેવું તો ન જ બંધાવે. માટે આ જિનાલય તેમણે બંધાવેલ હોવું જોઈએ.

હારીજથી જમણપુર ત્રણ ગાઉ છે. શિખરબંધી ચંદ્રપ્રભુજીનું દેરાસર છે. આરસની ૧ પ્રતિમાજી, ધાતુની ૪ પ્રતિમાજી, વહીવટ પરશોત્તમદાસ ખેમચંદ, જૈનોની વસ્તી ૧૦૦ માણસની, ઉપાશ્રય ૧. આનો જીર્ણોદ્ધાર થવામાં કારણભુત પૂજ્યપાદ ગુરુમહારાજ શ્રીમાન શાંતમૂર્તિ જયન્તવિજયજી મહારાજે લખેલી શંખેશ્વર મહાતીર્થ. તેની અંદર જમણપુરની હકીકત આપેલી છે. તે લાલભાઈ લલ્લુએ વાંચ્યું, એને લાગ્યું કે આનો જીર્ણોદ્ધાર કરવાની જરૂર છે. એના જ પ્રયત્નથી જીર્ણોદ્ધાર થયેલો છે. થોડું કામ હજુ બાકી રહ્યું છે.

## વણોદ

વણોદ શ્રાવકના ઘર પાંચ છે. દેરાસર ભવ્ય છે મૂર્તિ મનોહર છે. શિલગુણસૂરિ મ૦નો ઉપાશ્રય કહેવાય છે. નીચે ભોયરું છે, દેરાસરમાં મોટો ચોક છે. અહીંના ત્રણ ઘર આદરીયાણામાં, ત્રણ ઘર માંડળમાં ગયા છે. અત્યારે બજારમાં ઉપાશ્રય છે ત્યાં સાધુ સાધ્વીઓ ઉતરે છે એક સાધુ આવ્યા તેમણે કહ્યું કે ભોંયરામાં જાઓ અને ખોદાવો. પછી પગથીઆ આવશે પછી ત્રણ મૂર્તિઓ વિગેરે કહ્યું હતું. ખોદાવ્યું. નિશાન બતાવ્યા હતા તે પણ મળ્યાં પણ વધારે આગળ જઈ ન શક્યા દેરાસરની પાસે દશ-બાર શ્રાવકના ઘર હતાં. નરશીભાઈએ નજરે જોયેલાં. બજારમાં ઉપાશ્રય છે તે મોટો હતો અને પડી જવાથી પાછળથી નાનો ઉપાશ્રય કરાવ્યો થોડા વર્ષ પહેલાં શ્રાવકોના સો ઘર હતાં એ વસ્તુ સાચી છે. કારણકે બન્ને બાજુના ગોખલામાં મૂળ ગભારામાં ભગવાનને સ્થાપન કર્યાં ૧૮૯૩ માં જ્યારે વસ્તી વધારે હશે ત્યારે જ સ્થાપન કર્યા હશે ને!

વણોદમાં થોડાં વર્ષો પહેલાં ૪૦ ઘર દશાડાવાળા વાડીલાલભાઈએ જોયાં હતાં. દેરાસરથી લઈને ચબુતરા સુધીમાં શ્રાવકના વીશ ઘર હતાં નવાબની સાથે અણબનાવ થવાથી કેટલાંક ઘરો બીજા ગામ ચાલ્યા ગયાં છે.

વનરાજના નામ ઉપરથી વણોદ નામ પડ્યું છે. ત્યાં આગળ તેની કુળદેવી વણાવી માતાનું દેવાલય છે. ત્યાં વેણ કરીને એક કુવો છે તે દેવાની આજ્ઞાથી કરાવ્યો હશે. જુઓ રાસમાળા (ગુજરાત પ્રાંતનો ઇતિહાસ ભા. ૧ લો પૃ. ૩૯)

વિ. સં. ૧૭૭૮ આસો શુદિ ૫. લી. વણોદ ગામે શાંતિજિન પ્રાસાદાત્ ભ૦ વિજયસિંહસૂરિ શિ૦ પં. સત્યવિજય, શિ૦ પં. મેઘવિજય, શિ૦ પં. સુખવિજય, શિ૦ પં. ચંદ્રવિજય......

નંદિશયન રાસ. વણોદમાં એની કોપી કરી છે. સાધુઓ ત્યાં ચોમાસુ રહ્યા છે. ગામની વસ્તી સારા પ્રમાણમાં હોવી જોઈએ વણોદમાં વિ. સં. ૧૭૭૮ માં ઘણા ઘર હશે ત્યારે સાધુઓએ ચોમાસા કર્યા છે.

## વાલણ

વણોદથી એક માઈલ વાલણ અત્યારે વાદવણ કહેવાય છે. ત્યાં બાવન જિનાલયનું જૈન દેરાસર હતું તે હાલ પડી ગયું છે. તેના પત્થરો કોળી વિગેરે લઈ ગયા. પરચો શાસનદેવે બતાવ્યો એટલે બીજી કે ત્રીજી રાત્રે પાછા મુકી ગયા. ત્યાંના શ્રાવકે વણોદમાં ચબુતરો કરાવ્યો છે તે હજુ મોજુદ છે. પહેલાં મોટી નગરી હતી તેમ લોકો કહે છે. પણ જરૂર. વણોદનું પરૂ વિગેરે હશે. મગનલાલભાઈ વૃદ્ધ માણસ હતાં તેઓ કહેતાં હતાં કે વૃદ્ધ પુરૂષો કહેતાં હતાં પહેલાં ૧૦૦ ઘર શ્રાવકોના હતાં. વાત બરાબર ઠીક લાગે છે. ધ્વજાદંડની પ્રતિષ્ઠા છનીપાટમાં ગુરૂમહારાજે પ્રતિષ્ઠા કરાવી તે વખતે અહીંની ધ્વજાદંડની ક્રિયા કરાવી હતી. તે પછી કારણવશાત ચાર વર્ષ રહી ગયું. પછી અમદાવાદથી ક્રિયા કરાવનારને બોલાવીને ફરીને ક્રિયા કરાવીને ધ્વજાદંડ ચડાવ્યો છે દશાડાવાળા વાડીભાઈના વડીલોએ જોયું હતું

સ્વ. શાંતમૂર્તિ જયંતવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

ભેટઃ-શ્રી ગોડીપાર્શ્વનાથ સાર્ધશતાબ્દી સ્મારકગ્રંથ મુંબઇનિવાસી લક્ષ્મીચંદ દુર્લભજી તરફથી ભેટ મળેલ છે, તે સાભાર સાથે સ્વીકારેલ છે.


હમણાં બહાર પડી છે

## પં. શ્રી પદ્મવિજયજીકૃત નવપદજીની પૂજા

તથા

## પં. રૂપવિજયજીકૃત શ્રી પંચજ્ઞાનની પૂજા

આ બન્ને પૂજા અર્થ સાથે છપાવેલ છે. અર્થમાં ઘણો વધારો કર્યો છે કે જે ખાસ ઉપયોગી છે; તેની ખાત્રી વાંચવાથી થઇ શકે તેમ છે.

અમારી છપાવેલી અનેક અર્થ સહિત પૂજાઓમાં આ બુકથી વધારો થયો છે. કિંમત માત્ર ૫૦ નયા પૈસા રાખી છે. દરેક પૂજામાં રહસ્ય શું છે તે યથાશક્તિ સમજાવેલ છે.

કિંમત ૫૦ નયા પૈસા (પોસ્ટેજ ૧૫ નયા)

લખો : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

હમણાં બહાર પડી છે

## શ્રી નવાણું પ્રકારી પૂજા (અર્થ સહિત)

પંડિત વીરવિજયજીકૃત આ પૂજા શ્રી સિદ્ધાચળના મહાત્મ્યગર્ભિત બહુ જ અસરકારક છે. તેનું રહસ્ય સમજાવવા બનતો પ્રયાસ કર્યો છે. બીજી શ્રી પદ્મવિજયજીની કરેલી બહુધા અપ્રસિદ્ધ નવાણુંપ્રકારી પૂજા પણ દાખલ કરેલ છે ને મુનિશ્રી દેવવિજયજીકૃત અષ્ટપ્રકારી પૂજા જરૂરી અર્થ સાથે દાખલ કરી છે.

કિંમત માત્ર ૫૦ નયા પૈસા (પોસ્ટેજ ૧૫ નયા)

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

**સામાયિકમાં વાંચવા માટે**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ

**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો

મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો:— શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર


પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય-ભાવનગર

For Private And Personal Use Only